પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૫૪ | ૧૨ ઓગસ્ટ, ૨૦૧૮, રવિવાર; શ્રાવણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## અમેરિકામાં વિદેશી વિદ્યાર્થી માટે નિયમો કઠોર કરાયા

મુંબઈ, તા. ૧૧ અમેરિકામાં રહીને અભ્યાસ કરનાર ૧.૮૬ લાખ વિદ્યાર્થીઓના નવમી ઓગસ્ટના દિવસથી અમલી બની ગયેલી નીતિ હેઠળ સ્ટુડન્ટ સ્ટેટસનું ઉલ્લંઘન કરવાના આગલા ગેરકાયદે ગણી લેવામાં આવશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લંઘન કરવાની ઈન્ટરનેશનલ વિદ્યાર્થીઓ માટે નિયમો ખૂબ જ કઠોર કરી દેવામાં આવ્યા છે. પહેલા એવા નિયમ હતા કે ગેરકાયદે ઉપસ્થિતિ તે વખતે જાહેર કરવામાં આવતી હતી જ્યારે નીતિ નિયમોના ભંગ અંગે માહિતી મળતી હતી અથવા તો ઈમિગ્રેશન જજ દ્વારા આ સંદર્ભમાં આદેશ કરવામાં આવતા હતા પરંતુ હવે નવી નીતિ કઠોર બનાવી દેવામાં આવી છે. નવી નીતિ હેઠળ જો

● અનુસંધાન પાન-૭ પર

**૧.૮૬ લાખ વિદ્યાર્થીઓના ભાવિ પર સંકટ : નવમી ઓગસ્ટથી જ લાગુ કરવામાં આવેલી અમેરિકામાં નવી નીતિ ભારતીયો સહિતના વિદ્યાર્થી માટે ખતરનાક**

ભવિષ્ય પર ત્યાંની નવી નીતિ ખતરારૂપ બની ગઈ છે. હકીકતમાં દિવસે વિદ્યાર્થીઓ અને તેની સાથે રહેલા વ્યક્તિને અમેરિકામાં સ્થિતિમાં ૧૦ વર્ષનો પ્રતિબંધ લાગુ થઈ શકે છે. અમેરિકામાં

## બાંગ્લાદેશના ઘુસણખોરો જ ટીએમસીની વોટ બેંક : અમિત શાહ

**મમતા બેનર્જી કે રાહુલ ગાંધીના પ્રયાસોથી એનઆરસીની પ્રક્રિયા નહીં અટકે, અમે બંગાળ વિરોધી નથી પરંતુ મમતા વિરોધી જરૂર છીએ, બંગાળમાંથી ઘૂસણખોરોને ભગાડીશું શરણાર્થીઓને નહીં**

કોલકાતા, તા.૧૧ એનઆરસીના મુદ્દા પર અમિત શાહે મુખ્યમંત્રી મમતા બેનર્જી ઉપર તેજાબી પ્રહારો કર્યા



ભારે ધાંધલ ધમાલ બાદ ભાજપ પ્રમુખ અમિત શાહે આજે પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતામાં વિશાળ રેલી કરી હતી. જેમાં હતા. શાહે રેલીમાં બાંગ્લાદેશી ઘુસણખોરોનો મુદ્દો ઉઠાવ્યો હતો. શાહે કહ્યું હતું કે બાંગ્લાદેશી ઘુસણખોરો મમતા બેનર્જીની વોટબેંક તરીકે છે. જેથી તેમની પાર્ટી ટીએમસી એનઆરસીનો જોરદાર વિરોધ કરે છે. શાહે રાજ્ય સરકાર ઉપર આક્ષેપ કરતા કહ્યું હતું કે ભાજપનો અવાજ લોકો સુધી ન પહોંચે તે માટે બંગાળી ચેનલોને બંધ કરી દેવામાં આવી છે. ભાજપે બંગાળ વિરોધી વૃત્તિ ક્યારે પણ અપનાવી નથી. ભાજપના સ્થાપક પોતે બંગાળી હતી પરંતુ ભાજપ મમતા વિરોધી ચોક્કસપણે છે. ભાજપ અધ્યક્ષે ટીએમસીને એનઆરસીના મુદ્દા પર ઘેરીને તેજાબી પ્રહારો કર્યા હતા. તેઓએ આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો કે ઈન્દિરા ગાંધીના જમાનામાં કહેવામાં આવતું હતું કે ઈન્દીરા

● અનુસંધાન પાન-૭ પર

## પ્રભાતના પગરવ...

### હૃદયસ્પર્શી ચણ સેવા...

આંગણામાં પંખીઓનો કલશોર થાય એ આપણને સૌને ગમે છે. આંગણામાં ઉમટતા પંખીઓને ચણ નાંખવી આપણા સંસ્કાર છે. હવે તો આજકાલ મૃત્યુ પ્રસંગે યોજાતી પ્રાર્થનાસભામાં પણ ચણના પેકેટનું સ્વજનોમાં વિતરણ થાય છે. ફળિયામાં કે ચોકઠામાં નાના-મોટા ઓટલા બનાવી ચણ નાખવાની પરંપરા આપણી સંસ્કૃતિનો ભાગ બની ગયો છે. આજે પણ ગ્રામીણ સંસ્કૃતિમાં ચબુતરે ચણ નાંખવાનો દૈનિક જીવનનો એક ભાગ ગણાય છે. અબોલ પક્ષીઓ માટે ચણ નાખવાની પાવન સેવાનો મહિમા યુગોથી ગવાય છે. પણ આજે ચણ સેવાની અનોખી ભાત પાડતી વાત માંડવી છે.

સેક્ટર-૧૦ ગુજરાત પાણી પુરવઠા ભવનની મુખ્ય કચેરી જલભવનના પાછળના ખુલ્લા વિસ્તારમાં અસંખ્ય મોર સવારે વિહરતા હોય છે. અલૌકિક દૃશ્ય સર્જાય છે. નિહાળવુ ગમે. મોરની આકર્ષકતા માણવાનું પણ ગમે, પરંતુ દસેક વર્ષ પહેલા બોર્ડમાં ફરજ બજાવતા વર્ગ-૩ના કર્મચારી ભરતભાઈ પંડ્યાને વિચાર આવ્યો કે આ મોરને ચણ નાખવી જોઈએ. વિચાર સંવેદનશીલ હતો એટલે તેમના સમગ્ર ચેતનાતંત્રમાં સળવળાટ સર્જાયો અને નિર્ણય કર્યો કે હું મોરને ચણ નાખીશ. બસ બીજા દિવસે સવારે ૧૦.૦૦ વાગે પેથાપુરના બજારમાં કરીયાણાની દુકાનેથી ૫ કિલો જાર પ્લાસ્ટીકની બેગમાં લઈ આવ્યા અને નયનરમ્ય મોર જ્યાં વિહરતા હતાં તેમને ખલેલ ના પહોંચે તે રીતે ચણ ત્યાં પાથર્યુ અને મોરને ચણતા જોઈ એમના મનોભાવમાં જે પ્રસન્નતા પ્રગટી એનો અજવાસ આજે પણ ચણ સાથે પથરાતો રહ્યો. અર્થાત એ જ ઘડીએ કરેલો નિર્ણય આજે પણ અકબંધ રહ્યો. અવિરત રહ્યો. નિર્ણયના ચાર વર્ષ બાદ ભરતભાઈ સેવા નિવૃત્ત થયા એટલે કચેરીએ આવવાનું કોઈ કારણ રહ્યું નહી, આમ છતાં ઘરેથી રોજ ૫ કિલો જાર લઈ બોર્ડની કચેરી પાછળ વિહરતા મોરને ચણ નાખવાનો ક્રમ જાળવી રાખ્યો છે.

આજ સેવાની સુગંધ છે. સેવા એકાદ વખત કરવી સરળ છે. પણ તેનું સાતત્યપુર્ણ અમલ ખુબ જ અઘરો છે, એને જપ કહીએ તો જપ અને તપ કહીએ તો તપ. આજ જીવન નિષ્ઠા છે. વાત ભલે નાની છે પણ સાતત્યપુર્ણ બને ત્યારે તેની સુગંધ કંઈક અલગ જ બને છે. ગમે તેવા કામની વચ્ચે પણ રોજ એક કલાકનો સમય કાઢીને ૫ કિલો જારની પોટલી લઈને ઘરથી ૧૦ કિ.મી. દૂર જઈને અબોલ પંખી મોરને ચણ નાખવાની સેવા નાની સુની નથી. જીવન પ્રેરક છે, સંવેદના સભર છે. સાત્યપુર્ણ સેવા યજ્ઞના આચાર્ય સમાન સેવાવ્રતધારી ભરતભાઈ પંડ્યાના સેવા અભિગમને વંદન છે, અભિનંદન છે.

## અડધું કેરળ પુરના સકંજામાં


થિરુવનંતપુરમ,તા. ૧૧ કેરળમાં પુરની સ્થિતી ખુબ જ ગંભીર બનેલી છે. અડધાથી પહોંચાડવામાં આવી રહ્યા છે. ઉત્તરીય જિલ્લાઓની હાલત ખૂબ કફોડી બનેલી છે. જાહેરાત કરાઈ છે. જેમાં ઈડુકીમાં ૧૪ ઓગસ્ટ સુધી રેડ એલર્ટ અને વયાનડમાં ૧૫ ઓગસ્ટ સુધી વિસ્તારોમાં પહોંચ્યા હતા. હજારો લોકોને પોતાના ઘર છોડવાની ફરજ પડી છે. મુખ્યમંત્રીએ પુરના કારણે મૃત્યુ પામનાર લોકો માટે ચાર લાખ રૂપિયા અને ઘર અને જમીન

● અનુસંધાન પાન-૭ પર

**મુખ્યમંત્રી વિજયન પુરગ્રસ્ત વિસ્તારમાં : પુરમાં મૃત્યુ પામનારાઓને ચાર લાખ રૂપિયા આપવાની જાહેરાત : ઘર અને જમીન ગુમાવી દેનારને ૧૦ લાખના વળતરની મુખ્યમંત્રીની જાહેરાત : કેરળના ૧૪ જિલ્લાઓ પૈકી ૧૧માં પુર : ૫૪ હજારથી વધારે લોકો બેઘર**

વધારે કેરળ હાલમાં પુરના સકંજામાં છે. પુરના પરિણામ સ્વરૂપે ૧૪ પૈકીના ૧૧ જિલ્લામાં હાલત કફોડી બનેલી છે. જુદી જુદી સંસ્થાઓ દ્વારા લોકોને રાહત કેમ્પોમાં એનડીઆરએફની ટીમોની સાથે સાથે ભારતીય સેના અને હવાઈદળના જવાનો પણ મદદમાં લાગેલા છે. હવામાન વિભાગ દ્વારા અનેક જિલ્લાઓ માટે એલર્ટની ઓરેન્જ એલર્ટની જાહેરાત કરાઈ છે. કુન્નુરમાં ૧૩મી ઓગસ્ટ સુધી રેડ એલર્ટ અને ૧૫મી ઓગસ્ટ માટે ઓરેન્જ એલર્ટની જાહેરાત કરી છે. બીજી બાજુ કેરળના મુખ્યમંત્રી વિજયને આજે પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. પુરગ્રસ્ત







**મંત્રજાપ**

ગાયત્રી મંત્ર, મહા મૃત્યુંજય મંત્રના જાપ કરી આપવામાં આવશે. ભગવત ગીતાના પાઠ કરી અપાશે.

ફોન : ૭૨૨૮૮૦૨૬૪૧

www.bhagvadgeeta.org

**ભાડે જોઈએ છે**

નવા સેક્ટરોમાં પ્રિ-સ્કુલ માટે સ્વતંત્ર બંગલો ભાડે જોઈએ છે.

સંપર્ક

મો. ૯૦૯૯૦ ૧૩૪૦૭







